શુક્રવાર, ૧૯-૫-૨૦૧૭

# મુંબઈ સમાચાર

MUMBAI SAMACHAR



# વર્સોવા બ્રિજ ખુલ્લો મુકાયો

## ▸આઠ મહિના પછી મુંબઈ-અમદાવાદ હાઈવે પરનો ટ્રાફિક હળવો થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* મહારાષ્ટ્ર રાજ્યને ગુજરાત અને છેક દિલ્હી સુધી જોડનાર વર્ષો જૂના વર્સોવા બ્રિજના આઠ મહિના સુધી રખડી પડેલા સમારકામ પછી બુધવારથી બ્રિજને વાહનચાલકો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વર્સોવા બ્રિજના ગર્ડરમાં તિરાડ પડ્યાની જાણ થયા બાદ ગયા વર્ષે સપ્ટેમ્બર મહિનામાં આંશિક રીતે વાહનની અવરજવરમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, ત્યારબાદ ગર્ડરમાં વધારે તિરાડ પડયાની જાણ બાદ સુરક્ષાના કારણસર બ્રિજને ચૌદમી મેથી ૧૭મી મે સુધી સંપૂર્ણપણે બંધ રાખવામાં આવ્યો હતો.

બ્રિજનું સમારકામ ફેબ્રુઆરી મહિનામાં શરૂ કરવામાં આવ્યા પછી ૧૩મી મેના કામ પૂરું કરવામાં આવ્યું હતું, ત્યારબાદ ઑબ્ઝર્વેશન માટે ૭૨ કલાક રાખવામાં આવ્યો હતો. હવેથી અપ એન્ડ ડાઉન લાઈનમાં હળવા વાહનની અવરજવર કરવા માટે મંજૂરી આપવામાં આવી છે. વાહનની અવરજવર કરવા માટે હવેથી બ્રિજ સંપૂર્ણ સુરક્ષિત હોવાનું નેશનલ હાઈવે ઑથોરિટી ઑફ ઈન્ડિયા (એનએચએઆઇ)એ જાહેર કરવામાં આવ્યા પછી સવારના અગિયાર વાગ્યાના સુમારે ચાલુ કરવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બ્રિજ બંધ કરવામાં આવ્યા પછી મુંબઈ અમદાવાદ કોરિડોર સૌથી વધારે જામ રહેતા વાહનચાલકોએ તોબા પોકારી હતી, તેમાંય વળી મંગળવારે ત્રણ-ચાર કલાક વાહનોનો ટ્રાફિક રહ્યો હતો. દહીંસર ચેકનાકા અને

(જુઓ પાનું ૮) ▸▸

# ₹ ૩૦ કરોડનું નુકસાન કરાવનારાં ચાર ગેરકાયદે ટેલિફોન એક્સચેન્જ પકડાયાં

## ▸પાંચ જણની ધરપકડ: ₹ ૧૭.૫૪ લાખની મતા જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

*થાણે:* સરકારને રૂ. ૩૦ કરોડનું નુકસાન કરાવતા ચાર ગેરકાયદે ટેલિફોન એક્સચેન્જ થાણે ક્રાઇમ બ્રાન્ચે ભિવંડીથી પકડી પાડ્યાં હતાં અને આ પ્રકરણે પાંચ જણની ધરપકડ કરી રૂ. ૧૭.૫૪ લાખની મતા જપ્ત કરી હતી. પકડાયેલા આરોપીઓ ઇન્ટરનેશનલ કૉલ્સને વીઓઆઇપી દ્વારા પ્રાપ્ત કરતા હતા અને ગેરકાયદે ટેલિફોન એક્સચેન્જ મારફત તેને ડોમેસ્ટિક કોલ દેખાડીને સંબંધિત ભારતીય લેન્ડલાઇન નંબર અથવા મોબાઇલ સાથે જોડી દેતા હતા, એવું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું. ગેરકાયદે ટેલિફોન એક્સચેન્જનો ઉપયોગ હવાલા અથવા અન્ય કોઈ પ્રવૃત્તિ માટે કરવામાં આવતો હોવાની શંકા પોલીસ તપાસી રહી છે.

ભિવંડીમાં કેટલાક શખસો ગેરકાયદે ટેલિફોન એક્સચેન્જ ચલાવી રહ્યા હોવાની માહિતી થાણે ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૨નાં ઇન્ચાર્જ શીતલ રાઉતને મળી હતી. આ માહિતીને આધારે પોલીસ અધિકારીઓ તથા ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકમ્યુનિકેશને સંયુક્ત રીતે કાર્યવાહી કરી હતી. બુધવારે મળસકે ચાર વાગ્યાને સુમારે સુદિયા અન્સારી, ઇકબાલ અહમદ સુલેમાન, મોહંમદ અસ્લમ શેખ તેમ જ યુનુસ ઇમ્તિયાઝ આઝમી નામના શખસોના નિવાસસ્થાને એકસાથે છાપા મારવામાં આવ્યા હતા અને

(જુઓ પાનું ૮) ▸▸

# બૉલીવૂડની લોકપ્રિય 'મા' રીમા લાગુનું નિધન









**'મા'ની અંતિમ વિદાય...**

લોકપ્રિય અભિનેત્રી રીમા લાગુની અંતિમ વિધિમાં આમીર ખાન અને તેની પત્ની કિરણ રાવ, રિષી કપૂર, કિરણ કુમાર, કાજોલ, મોહન જોષી વગેરે બૉલીવૂડની હસ્તીઓ હાજર રહી હતી. (નિકોલસ ચાર્ડે)

*મુંબઈ:* 'સિંહાસન'ની શ્રેષ્ઠ વહુ, 'તુ તુ મેં મેં'ની ઝઘડાળુ સાસુ, મરાઠી રંગભૂમિની સમર્થ નાયિકા અને બૉલીવૂડના અનેક અભિનેતાની માતા, એમ બહુરંગી ભૂમિકા ભજવીને ટીવી-ફિલ્મ અને નાટ્યક્ષેત્રે અનન્ય પ્રદાન કરનાર અભિનેત્રી રીમા લાગુનું બુધવારે મોડી રાત્રે હૃદયરોગના હુમલાને કારણે નિધન થયું હતું. તેઓ ૫૯ વર્ષનાં હતાં.

છેલ્લા કેટલાક દિવસથી તેમની તબિયત સારી નહોતી. બુધવારે અચાનક તેમને છાતીમાં દુખાવો શરૂ થતા તેમને કોકિલાબેન અંબાણી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં, પરંતુ સારવાર દરમિયાન રાત્રે તેમનું નિધન થયું હતું.

રીમા લાગુ તેમની દીકરી મૃન્માયી સાથે રહેતાં હતાં જે પોતે પણ અભિનેત્રી અને થિયેટરની ડિરેક્ટર છે. તેમના જમાઇ વિનય વૈકુલે જણાવ્યું હતું કે છાતીમાં દુખાવો થતા તેમને રાત્રે એક વાગ્યે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં અને વહેલી સવારે ૩.૧૫ કલાકે તેમણે છેલ્લા શ્વાસ લીધા હતા.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રીમા લાગુને વર્સેટાઇલ અભિનેત્રી ગણાવીને શોક વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે તેમના નિધનને કારણે ટીવી અને ફિલ્મ ઇન્ડસ્ટ્રીને મોટી ખોટ ગઇ છે.

મુંબઈમાં જન્મેલા લાગુ છેલ્લા ચાર દાયકાથી અભિનય ક્ષેત્રે યોગદાન આપી રહ્યાં હતાં અને મરાઠી થિયેટરથી તેમણે કારકિર્દીની શરૂઆત કરી હતી.

અભિનેત્રી જૂહી ચાવલા અને અભિનેતા આમીર ખાનની ફિલ્મ 'કયામત સે કયામત તક' ફિલ્મથી તેઓ લાઇમલાઇટમાં આવ્યાં હતાં. તેઓની યાદગાર ફિલ્મોમાં 'હમ આપ કે હૈ કૌન..!', 'સાજન', 'મૈં પ્રેમ કી દીવાની હું', 'વાસ્તવ', 'યસ બૉસ', 'કુછ કુછ હોતા હૈ', 'હમ સાથ સાથ હૈ' વગેરેનો સમાવેશ થાય છે તથા 'તું તું મૈં મૈં', 'શ્રીમાન શ્રીમતી' વગેરે તેમની લોકપ્રિય સિરીયલો છે.

તેઓ છેલ્લે 'માનકરન' ટેલિવિઝન શૉમાં દેખાયાં હતાં.

બૉલીવૂડની હસ્તીઓ અમિતાભ બચ્ચન, કરણ જોહર, પ્રિયંકા ચોપ્રા, રિષી કપૂર, મહેશ ભટ્ટ, લતા મંગેશકર, માધુરી દીક્ષિત-નેને, આલિયા ભટ્ટ, આશુતોષ ગોવારિકર, મધુર ભંડારકર વગેરેએ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પણ અભિનેત્રીના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. ■

# ભારતમાં સૌપ્રથમ ૨૦૦ ઇલેક્ટ્રિક ટેક્સી ૨૬મીથી દોડશે મહારાષ્ટ્રના રોડ પર

## ▸પ્રદૂષણ પર નિયંત્રણ લાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય

*મુંબઈ/નાગપુર:* દેશની સૌથી પહેલી ઇલેક્ટ્રિક ટેક્સીની શરૂઆત ૨૬મી મેથી નાગપુરમાં થઇ રહી છે અને ૨૦૩૦ સુધી દેશમાં સૌથી વધુ ઇલેક્ટ્રિક વાહનો દોડતા થશે એવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

દેશમાં નાગપુર પહેલું એવું શહેર છે જ્યાં ઇલેક્ટ્રિક કાર શરૂ થશે અને ત્યાર બાદ આ યોજનાને દેશના અન્ય શહેરોમાં પણ શરૂ કરવામાં આવશે. ૨૬મી મેએ અંદાજે ૨૦૦ ઇલેક્ટ્રિક ટેક્સી મહારાષ્ટ્રના રોડ પર દોડતી થશે.

માર્ગ તથા પરિવહન ખાતાના પ્રધાન નીતિન ગડકરીએ કહ્યું હતું કે આ પ્રકલ્પ બહુ મહત્ત્વનો છે જે નાગપુર પાલિકાની દેખરેખ હેઠળ અમલમાં મૂકવામાં આવશે. વાહનોમાં વપરાતા ઇંધણનો ખર્ચ તથા પ્રદૂષણને ડામવા માટે આ યોજનાને અમલમાં મૂકવામાં આવી છે.

રાજ્યનું પરિવહન વિભાગ હવે ઇલેક્ટ્રિક ટેક્સી માટેનૂ પરમિટ આપવાનું વિચારી રહ્યો છે ત્યારે વીજળી પૂરી પાડતી કંપનીઓએ આ વાહનોને ચાર્જ કરવા માટે ચાર્જિંગ પોઇન્ટસ બનાવવામાં રસ દાખવ્યો છે. અમુક કંપનીએ એમએમઆરડીએ અને પાલિકા સાથે પાર્કિંગ પ્લૉટમાં ચાર્જિંગ પોઇન્ટ્સ બનાવવા માટેની ચર્ચા કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ફાસ્ટ-ચાર્જિંગ પોઇન્ટ્સ બનાવવા માટે પબ્લિક-પ્રાઇવેટ પાર્ટનરશિપ (પીપીપી)નું મોડલ વાપરવું જોઇએ, એમ અમુક નિષ્ણાતોનું કહેવું છે, જ્યારે અમુક લોકોનું કહેવું છે કે દરેક પેટ્રોલ પમ્પને ઓછામાં ઓછો એક ચાર્જિંગ પોઇન્ટ પમ્પ પર બનાવવાનું કહેવું જોઇએ.

નાગપુરમાં અમુક જગ્યાએ ચાર્જિંગ પોઇન્ટ બનાવવાનો સ્થાનિકો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. ■

**ઈશ્વરના શરણે...**

પાકિસ્તાની જેલમાં બંધ ભારતીય નાગરિક કુલભૂષણ જાધવની મુક્તિ માટે કાંદિવલી ખાતે વિશેષ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. (જયપ્રકાશ કેળકર)




## ગુડ મૉર્નિંગ@

સૌરભ શાહ

saurabh.shah@bombaysamachar.com

# કોણ સારું? આપણે કે રાજકારણીઓ? અને કોણ વધારે ખરાબ?

સમાજમાં તમને જે પ્રકારની વ્યક્તિઓ જોવા મળે છે તેના કરતાં રાજકારણમાં શું વધારે ખરાબ કે વધારે સારી વ્યક્તિઓ જોવા મળે છે? મારું નિરીક્ષણ છે કે બેઉ જગ્યાએ એકસરખી સારી અને એક સરખી વ્યક્તિઓ જોવા મળે છે.

જે લોકો માને છે કે રાજકારણીઓનો ભરોસો નહીં, આજે વચન આપે ને કાલે ફરી જાય, તેઓને પૂછવાનું કે શું સમાજમાં તમને એવા લોકો નથી મળ્યા ક્યારેય જેમણે તમને વચન આપ્યું હોય અને પાછળથી જેઓ ફરી ગયા હોય?

અહીં સમાજમાં કે રાજકારણમાં જોવા મળતા સારા લોકોની વાત નથી કરવી. સારા લોકો બેઉ જગ્યાએ છે. બધાને ખબર છે, પણ ખરાબ લોકો માત્ર રાજકારણમાં જ હોય એ ભ્રમણા દૂર કરવી છે. સમાજમાં રાજકારણીઓ જેટલા જ કે એમના કરતાંય વધુ નિર્વસ્ત્ર, નફફટ, જાડી ચામડીવાળા, ક્રૂર લોકો તમને જોવા મળે છે. આ તમામ વિશેષણોવાળી એક વ્યક્તિ રાજકારણી હોય અને બીજી બિન-રાજકારણી તો રાજકારણી પર તમે ભરોસો રાખી શકો. કમ-સે-કમ એનામાં તમને આ વિશેષણો ખુલ્લેખુલ્લા જોવા મળશે. બિન-રાજકારણીઓમાં તે તમામ છુપાઈને બેઠેલા

(જુઓ પાનું ૪) ▸▸

# 'સંઘર્ષ યાત્રા' બંધ થશે નહીં: વિખે પાટીલ

*મુંબઈ:* ખેડૂતોને લૉનમાફી મળે તે માટે મહારાષ્ટ્ર રાજ્ય સરકાર પર દબાણ લાવવા માટે રાજ્યમાં ઠેર ઠેર ખેડૂતોની રેલી યોજવાનું બંધ કરવામાં આવશે નહીં, એવું કૉંગ્રેસના નેતા રાધાકૃષ્ણ વિખેપાટીલે જણાવ્યું હતું.

રત્નાગિરિમાં પત્રકાર પરિષદને સંબોધતા વિખે પાટીલે કહ્યું હતું કે લૉનમાફીની માગણી અંગેની અમારી સંઘર્ષ યાત્રા ૨૭ જિલ્લામાં આવરી લેવામાં આવશે. જોકે, બુધવારે ચોથા તબક્કાની યાત્રા પછી પણ અમારો લૉનમાફી કરવા અંગે સરકાર સામેનો વિરોધ બંધ થશે નહીં. આગામી દિવસોમાં અમે

(જુઓ પાનું ૮) ▸▸

# રાષ્ટ્રપતિના ઉમેદવાર તરીકે સોનિયાનો પ્રસ્તાવ પવારે નકાર્યો

*મુંબઈ:* રાષ્ટ્રપતિપદની ચૂંટણી નજીક આવી છે ત્યારે કૉંગ્રેસને મોટો આંચકો લાગ્યો છે. એનસીપીના સર્વેસર્વા શરદ પવાર રાષ્ટ્રપતિની ચૂંટણીના ઉમેદવાર બને એવો પ્રસ્તાવ કૉંગ્રેસના અધ્યક્ષા સોનિયા ગાંધીએ મૂક્યો હતો, પરંતુ આ પ્રસ્તાવ શરદ પવારે નકારી કાઢ્યો છે.

પત્રકારો સાથેની વાતચીતમાં નવાબ મલિકે એવો દાવો કર્યો હતો કે આ પ્રસ્તાવ પોતે સોનિયા ગાંધીએ શરદ પવાર સમક્ષ મૂક્યો હતો, પરંતુ પવારે તે નકારી કાઢ્યો છે. હકીકતમાં રાષ્ટ્રપતિની ચૂંટણી પોતે લડશે નહીં એવું શરદ પવાર હંમેશા કહેતા આવ્યા છે.

'એનસીપીનો પ્રયાસ છે કે યુપીએના દરેક સાથી પક્ષ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં એક સંયુક્ત ઉમેદવાર ઊભો રાખે. શરદ પવાર ચૂંટણીમાં ઊભા રહે એવી યુપીએના ઘણા નેતાની ઇચ્છા હતી, પરંતુ કેટલાક દિવસ અગાઉ મુંબઈમાં પક્ષના કાર્યકર્તાઓને સંબોધતા શરદ પવારે કહ્યું હતું કે એનડીએ પાસે પોતાનો ઉમેદવાર વિજયી બને તે માટે જરૂરી બહુમતી છે. તેથી ચૂંટણીમાં બહુ મોટો પલટો થવાની શક્યતા નથી', એમ નવાબ મલિકે જણાવ્યું હતું.

બીજી તરફ યુપીએ તરફથી રાષ્ટ્રપતિપદ માટે સંયુક્ત ઉમેદવાર ઊભા રાખવાની વાતચીત શરૂ છે. આ

(જુઓ પાનું ૮) ▸▸

# પાલિકાના અમુક વિભાગ ૨૪ કલાક ચાલુ રાખવાની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ:* મુંબઈમાં ઠેકઠેકાણે ગેરકાયદે રીતે ફેરિયાઓએ અતિક્રમણ કરેલું છે, તેના પર પાલિકાનું નિયંત્રણ રહ્યું નથી. ફેરિયાઓની સાથે જ ગેરકાયદે બાંધકામનો પણ રાફડો ફાટેલો છે. તેમના પર નજર રાખવા દિવસ ઓછો પડી રહ્યો છે તેથી પાલિકાના અતિક્રમણ નિર્મૂલન વિભાગને રાતના સમયે પણ ચાલુ રાખો એવી માગણી ભાજપે પાલિકા પ્રશાસનને કરી છે. રાતના સમયે પણ આ વિભાગ ચાલુ રાખવામાં આવે તો ગેરકાયદે બાંધકામ તથા ફેરિયાઓ પર નિયંત્રણ રાખી શકાશે એવો ભાજપનો દાવો છે.

રસ્તા પર આવેલી ફૂટપાથ પર ગેરકાયદે રીતે અડિંગો જમાવીને બેસી ગયેલા ફેરિયાઓ તથા ગેરકાયદે બાંધકામ પર નજર રાખનારા કર્મચારીઓ સવારના ૧૦.૩૦ વાગ્યાથી સાંજના ૫.૩૦ વાગ્યા સુધી જ ફરજ પર હોય છે અને હકીકતમાં સાંજ બાદ જ રસ્તા પર ફેરિયાઓની સંખ્યા વધી જતી હોય છે. તેને કારણે રસ્તા પર ટ્રાફિકની સમસ્યા પણ સર્જાય છે અને લોકોને રસ્તે ચાલવામાં પણ ભારે તકલીફ થાય છે.

એ સિવાય રાતના સમયે જ અમુક ઠેકાણે ગેરકાયદે બાંધકામ કરવામાં આવતું હોય છે. ગેરકાયદે રીતે

(જુઓ પાનું ૮) ▸▸

# એક્સપ્રેસ વે પર અકસ્માતમાં વધારો: કૉંગ્રેસે માગી સીએમની મદદ

*મુંબઈ:* મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર વારંવાર થતા અકસ્માત અને તેમાં જીવ ગુમાવનારા અનેક નાગરિકો બાબતે ચિંતા વ્યક્ત કરતા કૉંગ્રેસના વિધાન પરિષદના સભ્ય અનંદ ગાડગિલે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને પત્ર લખીને હાઇવે પર થતા આ અકસ્માતોને અટકાવવા માટે તાત્કાલિક પગલાં લેવાની દરખાસ્ત કરી છે. પૂરપાટ વેગે દોડતા વાહનો, ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન તથા ટ્રક જેવા ભારે વાહનો દ્વારા કરાતા ઑવર-ટેક અને વળાંક એ અકસ્માત થવાના મુખ્ય કારણો છે, એમ ગાડગિલે પત્રમાં જણાવ્યું હતું.

'એક્સપ્રેસવે પર વાહનોની ગતિ વધુમાં વધુ ૮૦ કિલોમીટરની હોવી જોઇએ, પરંતુ મોટા ભાગના વાહનો ૧૦૦થી ૧૨૦ કિલોમીટરની ઝડપથી દોડતા હોય છે. ટ્રાફિક પોલીસ પાસે ફક્ત ત્રણ સ્પીડ ગન હોય છે અને ઘણી વખત તે પણ કામ કરતી નથી. એક્સપ્રેસવે પર બેફામ વાહનો હાંકનારાઓને રોકવા માટે ત્યાં ટ્રાફિક પોલીસ પણ તહેનાત કરવામાં આવ્યા નથી', એમ પત્રમાં જણાવાયું હતું.

ગયા વર્ષે એક્સપ્રેસવે પર ૩૦૦ જણનાં મોત થયા હોવાનો દાવો ગાડગિલે પત્રમાં કર્યો હતો.

ટ્રાફિક વિભાગ પાસેથી મળેલી માહિતી અનુસાર દરેક શિફ્ટમાં ૧૨થી ૧૪ ટ્રાફિક કૉન્સ્ટેબલ હોય છે, પરંતુ તેમાંથી રોજ ત્રણથી ચાર કૉન્સ્ટેબલ રજા પર હોય છે, પરંતુ ખાલાપુર-કામશેત ટોલનાકા પર

(જુઓ પાનું ૮) ▸▸

મહાબળેશ્વર
દરરોજ નાસ્તામાં સ્ટ્રોબેરી જમવામાં રસપૂરી
Pure Veg હોટેલ
Neeta's શાંતિ વિલા
જૈન દેરાસર સામે, મેઈન માર્કેટ પાસે
All AC રૂમ્સ, વિલા, LCD, વૉટર ફોલ્સ, ઈન્ડોર ગેમ્સ
લોનાવલા હોટેલ નીતા ઈન
શીરડી નીતા ઈન્ટરનેશનલ અને નીતા એનેક્ષ
ડેઈલી મોર્નિંગ - નાઈટ મર્સિડીઝ અને વોલ્વો બસ સર્વિસ
નીતા ટ્રાવેલ્સ 022 28919125 / 28904147
www.neetaholidays.com
મહાબળેશ્વર : 02168-260781-82

''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. કાર્યકારી તંત્રી: નીલેશ દવે, ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957**

"MUMBAI SAMACHAR" newspaper (Periodicity-Daily) Printed and Published at their press "Mumbai Samachar" by Mr. Meherwanji Rustomji Cama at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 on behalf of the owners The Bombay Samachar Pvt. Ltd. Executive Editor Mr. Nilesh Dave, Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957**